# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ગુજરાત

**કોરોના વાઇરસની મહામારીને નાબુદ કરવામાં આર્થિક સહાયરૂપે માન. મુખ્યમંત્રી રાહત ફંડમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ દ્વારા એક દિવસનો પગાર ડોનેટ કરવા અપીલ બાબત............**

### -: પરિપત્ર:-

હાલમાં સમગ્ર દેશ કોરોના જેવી મહામારીના ભરડામાં છે, કેંદ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા પણ આ મહામારીનો ફેલાવો ન થાય તે માટે દેશમાં ૨૧ દિવસ માટે એટલે કે ૧૪મી એપ્રીલ-૨૦૨૦ સુધી લોકડાઉન કરવામાં આવ્યું છે. રાજય સરકાર દ્વારા કોઇપણ વ્યક્તિ કોરોના વાયરસનો ભોગ ના બને તથા આર્થિક તંગી ન અનુભવાય તે માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજય સરકારની કોરોના વાયરસ સામેની લડાઇની આ પ્રવૃત્તિમાં સહભાગી અને મદદરૂપ થવાના હેતુસર આણંદ કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ પોતાનો એક દિવસનો પગાર **"ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રીનાં રાહત ફંડ"**માં ડોનેટ કરવા માન. કુલપતિશ્રી દ્વારા અપિલ કરવામાં આવી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી હંમેશા દેશહિતમાં યોગદાન આપવામાં અગ્રેસર રહ્યું છે, યુનિવર્સિટી દ્વારા સરકારના કોરોના વાયરસ સામેની લડાઇમાં પ્રજાલક્ષી સહયોગી કાર્યમાં મદદરૂપ થવાના હેતુસર આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી **ડૉ. આર.વી. વ્યાસ** દ્વારા યુનિવર્સિટીના વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના ૯૮૧ કર્મચારીઓને પોતાનો એક દિવસનો પગાર (બેઝીક પગાર : માર્ચ-૨૦૨૦ પેઇડ ઇન એપ્રીલ) ડોનેટ કરી કોરોનાની આ મહામારીને નાબુદ કરવામાં રાજય સરકારને આર્થિકરૂપે સહયોગ આપવા અપિલ કરી છે. વધુમાં કોરોના વાયરસ નાબુદીની આ લડાઇમાં કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા જે પણ સુચના આપવામાં આવી છે અથવા તો આપવામાં આવી રહી છે, તેનું પાલન કરી દેશહિતની પ્રવૃત્તિમાં સંપૂર્ણ રીતે સહભાગી થઇને દરેક પ્રકારની મદદ કરવા માટે અગ્રેસર રહેવા પણ અપીલ કરવામાં આવે છે.

વધુમાં ઉક્ત બાબતે યુનિવર્સિટીના જો કોઇ અધિકારી કે કર્મચારી પોતાનો એક દીવસનો પગાર **માન. મુખ્યમંત્રી રાહત ફંડ (CHIEF MINISTER'S RELIEF FUND)માં ડોનેટ કરવામાં અસમર્થ કે અસહમત હોય તો પોતાની અસહમતિ અંગેની જાણ હિસાબ નિયામકશ્રીને તા.30/03/૨૦૨૦ બપોરના ૧૨.00 સુધીમાં કરવાની રહેશે, આ જાણ હિસાબ નિયામકશ્રીને comptroller@aau.in પર ઇમેલ કરીને અથવા તો હિસાબ નિયામકશ્રીના મોબાઇલ નં. ૯૯૯૮00૯૯૬3 પર વોટસઅપ કરી જાણ કરવાની રહેશે તેમજ કર્મચારીએ પોતાનું નામ, એમ્પ્લોયમેન્ટ નંબર અને કચેરીનું નામ અવશ્ય જણાવવાનું રહેશે.**

**હિસાબ નિયામક**

જા.નં.આકૃયુ/હિનિ/પરિપત્ર/૬૮૪૯૭/૨૦૨૦

તા.૨૬/03/૨૦૨૦

નકલ રવાનાઃ-

૧. આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
૨. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ અને અમલ સારૂ.

નકલ સવિનય રવાનાઃ-

૧. માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
૨. સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
૪. કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.